eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 259
February 11, 2011

## માહે જાન્યુઆરી ૨૦૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૧ દરમ્યાન ૩૬૨૧ ઈન્ડોર તથા ૩૯૮૩૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૦૩ તથા ૫૯૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાના વેસ્ટ (રાંદેર) ઝોનના નવા લોકાર્પિત થયેલ ભવનની વિગત

સુરત મહાનગરપાલિકાની વેસ્ટ (રાંદેર) ઝોન નાગરિક સુવિધા કેન્દ્ર સહિતની કચેરી ખસેડી આજ તા.૦૮/૦૨/૨૦૧૧ નાં રોજથી ખાતે કાર્યરત કરવામાં આવી છે. જેથી સર્વે સંબંધિતોને વિદિત થવા વિનંતી છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત શહેરમાં ભારતની વસતિ ગણતરી–૨૦૧૧ ની બીજા તબકકાની કામગીરીની શરૂઆત

ભારતની વસતિ ગણતરી–૨૦૧૧ ની બીજા તબકકાની કામગીરી આજ તા. ૦૯–૦૨–૨૦૧૧ થી શરૂ થયેલ છે. આ તબકકા દરમ્યાન દરેક વ્યકિતની વિસ્તૃત માહિતી એકત્રીત કરવામાં આવનાર છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

તા.૦૯/૦૨/૨૦૧૧ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગદર્શન હેઠળ સાઉથઝોન (ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ગેરકાયદેસર પાણીના નેટવર્ક દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સુરત શહેરના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ઉધના મગદલ્લા રોડ પર મોજે મજુરાના રે. સ. નં. ૬૩ પૈકીમાં એસ. કે. ઈન્ડ. એસ્ટેટ વિભાગ–૨ ના સબ પ્લોટ નં.૧૬૩ થી ૧૬૬ ના કુલ–૪ ગાળા પૈકી સબ પ્લોટ નં.૧૬૩–૧૬૪ માં ચોથા માળે ૩૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ ભરવાના હેતુથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે જાન્યુઆરી ૨૦૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૧ દરમ્યાન ૩૬૨૧ ઈન્ડોર તથા ૩૯૮૩૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૦૩ તથા ૫૯૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૬૩૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૫૬ અને જુના ૧૦૪૨ દર્દીઓ સહીત કુલ ૧૭૯૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૭૭ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૨૬ તથા આંખ વિભાગમાં ૩૧૩૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૨૩૩૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગયલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના વેસ્ટ (રાંદેર) ઝોનના નવા લોકાર્પિત થયેલ ભવનની વિગત

સુરત મહાનગરપાલિકાની વેસ્ટ (રાંદેર) ઝોન નાગરિક સુવિધા કેન્દ્ર સહિતની કચેરી ખસેડી આજ તા.૦૮/૦૨/૨૦૧૧ નાં રોજથી ખાતે કાર્યરત કરવામાં આવી છે. જેથી સર્વે સંબંધિતોને વિદિત થવા વિનંતી છે.

**નવા વહીવટી ભવનનું સરનામું:–**

વહીવટી ભવન,

પશ્ચિમ (રાંદેર) ઝોન,

બાલાસાહેબ દેવરસ રોડ,

તાડવાડી રોડ,ન્યુ રાંદેર રોડ,

સુરત–૩૯૫૦૦૯

**કચેરીના ફોન નંબર/ફેક્સ:–**

ઝોન : ૨૭૮૬૧૮૧–૮૨–૮૩

મો. : ૯૭૨૪૩–૪૬૦૨૫–૨૬

ફેક્સ : ૨૭૯૧૬૯૦

TOP

# સુરત શહેરમાં ભારતની વસતિ ગણતરી–૨૦૧૧ ની બીજા તબકકાની કામગીરીની શરૂઆત

ભારતની વસતિ ગણતરી–૨૦૧૧ ની બીજા તબકકાની કામગીરી આજ તા. ૦૯–૦૨–૨૦૧૧ થી શરૂ થયેલ છે. આ તબકકા દરમ્યાન દરેક વ્યકિતની વિસ્તૃત માહિતી એકત્રીત કરવામાં આવનાર છે. આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નિવાસ કરતાં પ્રતિષ્ઠિત વ્યકિતઓ જેવા કે મા.મેયરશ્રી, સાંસદશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, જીલ્લા કલેકટરશ્રી, મ્યુનિ.સભ્યશ્રી વિગેરે વ્યકિતઓની સુરત મહાનગરપાલિકા તરફથી નિયુકત કરવામાં આવેલ ગણતરીદાર તેમજ સુપરવાઈઝર તરફથી તેમના નિવાસ સ્થાને રૂબરૂ મુલાકાત લઈ વસતિ ગણતરીની કામગીરી પ્રારંભ કરવામાં આવેલ છે.



TOP

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

તા.૦૯/૦૨/૨૦૧૧ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગદર્શન હેઠળ સાઉથઝોન (ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ગેરકાયદેસર પાણીના નેટવર્ક દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાનાં ઉધનાઝોન અને હાઈડ્રોલીક વિભાગ ધ્વારા આજરોજ પાંડેસરા ભેદવાડ, ભેસ્તાન વિસ્તારમાં આવેલ ઔધ્યોગિક જી.આઈ.ડી.સી. વિસ્તારમાં બિન અધિકૃત પાણીનાં નેટવર્ક દૂર કરવાની કામગીરી ઝોનલ ચીફશ્રી ઉધનાઝોનની સૂચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ. જેમાં ટી.પી.૬૩ (વડોદ) સિધ્ધાર્થનગર કેનાલની જગ્યામાં નહેરમાંથી પાણી ઉપાડી મહાનગરપાલિકા હસ્તકના રસ્તાઓ પર ગેરકાયદેસર રીતે લાઈનો નાંખી પાંડેસરા જી.આઈ.ડી.સી.ના વિવિધ ઔધ્યોગિક એકમોને પરવાનગી વિરૂધ્ધ પાણી પુરવઠો ખાનગી રીતે પુરો પાડવામાં આવતો હતો જેની કાર્યવાહીના ભાગરૂપે વડોદ કેનાલ પરથી ૦૬ નંગ ડીઝલ પંપ તેમજ તેને સંલગ્ન આશરે ૫૦૦ ફૂટ ૩'' ને ૪'' પી.વી.સી. પાઈપોના નેટવર્કની પાઈપલાઈન દૂર કરી તેમજ આ પંપ ઓપરેટરોના કેનાલની જગ્યામાં બનાવેલ બે કાચા પાકા દુર કરવામાં આવેલ.

ટી.પી.૫૭(પાંડેસરા) માં આવેલ બુધ્ધ મંદિરની પાછળની નજીક ખાડીને સંલગ્ન જગ્યામાં ગેરકાયદેસર રીતે ચાલતા ખાનગી બોરીંગ બંધ કરાવી ૧૧ (અગિયાર) નંગ સબમર્સીબલ પંપ તેમજ આશરે ૬૦૦ ફુટ ૩'' અને ૪'' પાઈપ લાઈન નેટવર્ક કાપીને કબ્જે લેવામાં આવેલ છે કે જેના ધ્વારા વગર પરવાનગી એ ખાનગી રાહે પાંડેસરા જી.આઈ.ડી.સી.ના ઔધ્યોગિક એકમોને પાણી સપ્લાય કરવામાં આવતું હતું.

ટી.પી.૫૭(પાંડેસરા) મારૂતી ઈન્ડ.ના પ્લોટ નં.બી–૮,૯ માં ચાલતાં ખાનગી બોરીંગ તથા તેમાંથી ગેરકાયદેસર રીતે પાણીની લાઈનો નજીકની ખાડીમાંથી પસાર કરી પાંડેસરા ઔધ્યોગિક એકમોને પાણી પુરૂ પાડવામાં આવતું હતું. જેને બંધ કરાવી ૩૦૨ ફુટ પાઈપ લાઈન દૂર કરવામાં આવેલ.

આ રીતે બિન અધિકૃત બોરીંગના જોડાણમાંથી ઉભા કરવામાં આવેલ કુલ ૧૧ પાઈપ લાઈનોનાં નેટવર્ક દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા હાઈડ્રોલિક વિભાગના સ્ટાફ ધ્વારા સંયુકતપણે કરવામાં આવેલ છે. તથા આ કામગીરીમાં જે.સી.બી. મશીન, ત્રણ ટ્રકોનાં સાધનો મદદમાં લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સુરત શહેરના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ઉધના મગદલ્લા રોડ પર મોજે મજુરાના રે. સ. નં. ૬૩ પૈકીમાં એસ. કે. ઈન્ડ. એસ્ટેટ વિભાગ–૨ ના સબ પ્લોટ નં.૧૬૩ થી ૧૬૬ ના કુલ–૪ ગાળા પૈકી સબ પ્લોટ નં.૧૬૩–૧૬૪ માં ચોથા માળે ૩૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ ભરવાના હેતુથી કરવામાં આવેલ સેન્ટરીંગ સહીતનું બાંધકામ તેમજ પ્લોટ ં ન.૧૬૫–૧૬૬ માં ચોથા માળે સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલ આર.સી.સી. કોલમ સહીતનું લીન્ટલ લેવલ સુધીનું ચણતર કામ દુર કરવામાં આવેલ. સદર કામગીરી પેટે મિલકતદાર શ્રી ધર્મેશભાઈ કાંતિભાઈ પટેલ પાસેથી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

સદર કામગીરી અત્રેના અઠવા ઝોનનાં દબાણ સ્ટાફ તેમજ શહેર વિકાસ ખાતાના સ્ટાફ ધ્વારા ડે.કમિશ્નરશ્રી(સ્પે.) ની સુચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સીકયુરીટી સ્ટાફના સહકારથી પાર પાડવામાં આવેલ છે.

TOP